# એસએમએસ એલર્ટ મફત નથી : બૅન્કો ચાર્જ વસૂલે છે

નવી દિલ્હી, તા. ૨૪ : તમને એસએમએસ એલર્ટ પૂરા પાડવા માટે બેન્ક તમારા ખાતામાંથી પૈસા ઉધારતી હોવાથી તમે વાકેફ છો ? તમે તે ન જાણતા હોવ તો તમારું છેલ્લું બેન્ક સ્ટેટમેન્ટ અથવા પાસબુક જોઇ જશો. સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયા, આઇસીઆઇસીઆઇ અને એક્ષીસ બેન્ક વ.બેન્કો નાણાંના ઉપાડ અને અન્ય સુવિધાઓ વ.વિશેના ટેક્ષ્ટ મેસેજીસ માટે વર્ષે રૂ. ૬૦ ચાર્જ કરે છે. કેનેરા બેન્ક સહિતની બેન્કો તો વળી રૂ. એકસો ચાર્જ કરે છે.

જન્મભૂમિ

તેજસ્વિની પૂર્તિ...

## બુધવાર, તા. ૨૮-૮-૨૦૧૩ના અંકનાં આકર્ષણો



**મહિલાઓ પર થતાં અત્યાચાર વિરુદ્ધ આંદોલનો કર્યાં બાદ આ દિશામાં નક્કર કામગીરી કરી જાગૃતિ આણનારા પ્રખર નારીવાદી અને 'વાચા' મહિલા સંશાધન કેન્દ્રના નિયામક સોનલ શુકલની મુલાકાત વાંચો 'પ્રતિભા'માં.**

આ ઉપરાંત -

- **મંથન** : ગોપીભાવે કૃષ્ણ સમીપે
- **સ્ત્રી-પુરુષ** : તમારું મન તમારો ખજાનો
- **કિડ્સ કોર્નર** : બાળકના જન્મ દિવસની ભેટ
- **આયુર્વેદ** : દરદીને ઓડકાર શાથી આવે છે ?
- **યોગ અને સ્વવિકાસ** : સંતુલિત જીવન જરૂરી
- **લૉ ઍન્ડ જસ્ટિસ** : કાયદાનો દુરુપયોગ ન કરવો
- **હેલ્થ ઍન્ડ ફિટનેસ** : તમારું મન તમારો ખજાનો

'ભાવતાં ભોજન' આપનું પાનું જેવી રસપ્રદ વાંચનસામગ્રી.

# ૧૩ વર્ષમાં ૨,૫૩,૦૦૦ ગણેશમૂર્તિ બનાવવાનો રમાબહેન શાહનો વિક્રમ

**આં**ખો બંધ કરીને ગણેશજીની સુંદર પ્રતિમા બનાવતા રમાબહેને તેર વર્ષમાં કુલ ૨,૫૩,૦૦૦ મૂર્તિઓ બનાવી નવો વિક્રમ સ્થાપિત કર્યો છે. વર્ષ ૨૦૦૦થી શરૂ થયેલી તેમની આ સાધના અવિરત ચાલુ જ છે. જુદાં જુદાં રંગ, રૂપ, મુદ્રા આકારની આ મૂર્તિઓ તેઓ કોઈપણ પ્રકારના મોલ્ડ-બીબાના ઉપયોગ વગર બનાવે છે અને આ મૂર્તિઓ પાછી સપ્રમાણ, એક જુઓ તો એક ભૂલો એવી હોય છે. વળી બધી મૂર્તિઓ વોશેબલ અને અનબ્રેકેબલ હોય છે. મૂર્તિ બનાવતી વખતે તેઓ સતત મંત્રોચ્ચાર કરતા રહે છે. સર્વનું કલ્યાણ થાય તેવી શુભ ભાવના સાથે નિર્માણ થતી આ મૂર્તિઓને લીધે ઘરમાં, ઓફિસમાં શાંતિ અને સમૃદ્ધિ આવી હોવાનો ઘણાનો અનુભવ છે.

વર્ષ ૨૦૦૦થી તેમને સ્વપ્નમાં ગણેશજીની ઝળહળતી મૂર્તિના દર્શન થયા અને તે દ્વારા તેમને મૂર્તિ બનાવવાની સ્ફૂરણા થઈ. વર્ષ ૨૦૦૦માં જ તેમણે ૯૯ દિવસમાં ૯૯૯૯ ગણેશમૂર્તિઓ બનાવી. વલ્લભ શિક્ષણ વિદ્યાલયના સુવર્ણ મહોત્સવ વર્ષ નિમિત્તે આયોજિત પ્રદર્શનમાં પ્રદર્શિત કરી હતી. ૯-૯-૨૦૦૯ના દિવસે તેમણે અન્નજળ લીધા વગર ૯૯૯ મૂર્તિઓ બનાવી કુલ ૯૯,૯૯૯ મૂર્તિ પૂરી કરી. ગત વર્ષે તેમણે ૨,૧૨,૦૦૦નો આંકડો પાર કર્યો હતો જેને લિમ્કા બુક ઑફ રેકૉર્ડે વિશ્વવિક્રમ તરીકે સ્વીકાર્યો છે. લિમ્કા રેકૉર્ડમાં તેમનો આ બારમો રેકૉર્ડ છે. આવા તો અનેક રેકૉર્ડ તેમના નામે છે. રિપ્લીઝ બિલિવ ઈટ ઓર નોટ, વર્લ્ડ રેકોર્ડ્સ એકેડેમી-યુએસએ, ઈન્ડિયા બુક ઑફ રેકોર્ડસ, યુનિક વર્લ્ડ રેકૉર્ડ, વર્લ્ડ રેકોર્ડ ઈન્ડિયા વગેરે અનેક રેકૉર્ડ તેમના નામે છે અને અનેક સંસ્થાઓએ તેમને બિરદાવ્યા છે. ઘરઆંગણે પણ તેમને અનેક રેકૉર્ડ મળ્યા છે. ગિરનાર ઍવૉર્ડ, સ્ટાર ટેલન્ટ ઍવૉર્ડ, વુમન ઑફ ધ યર, મહિલા શક્તિ ઍવૉર્ડ, વોકેશનલ એક્સલેન્સ ઍવૉર્ડ... વગેરે વગેરે. લાયન્સ ક્લબ, રોટરી ક્લબ જેવી અનેક સંસ્થાઓએ તેમનું સન્માન કર્યું છે અને ઝી ટીવી, આસ્થા જેવી અનેક ચેનલ્સ પર તેમની કલાનું પ્રસારણ થયું છે. રાજ્ય સરકારે તેમની એસઈઓ તરીકે પણ નિમણૂક કરી હતી. ઉપરાંત પોલીસ પીસ કમિટી અને મહિલા દક્ષતા કમિટીમાં પણ તેઓ ફરજ બજાવે છે.

શિહોરના વતની રમાબહેનનો ઉછેર નડિયાદમાં થયો છે. ૧૯ વર્ષની વયે સતીષભાઈ શાહ-કેસરવાલા સાથે લગ્ન કરીને મુંબઈમાં સંયુક્ત પરિવારમાં સ્થાયી થયા. પોતાની કલાપ્રવૃત્તિ અને ગૃહસ્થજીવન સાથે તેઓ કૌટુંબિક, સામાજિક ફરજો પણ એટલી જ તન્મયતાથી અદા કરે છે. જૈન હોવા છતાં તેઓ ગણેશજીમાં અપાર શ્રદ્ધા ધરાવે છે. આંખો પર રૂ મૂકી, તેના પર પાટો બાંધી, મંત્ર ઉચ્ચારતા, મૂર્તિ બનાવતા રમાબહેનને જોઈ લોકો શ્રદ્ધાપૂર્વક શીશ નમાવે છે. પોતાની કળાને રમાબહેન સાધના ગણાવે છે. પોતે બનાવેલી મૂર્તિઓથી અન્યોના કાર્યો સિદ્ધ થાય છે એ જાણી તેઓ પ્રસન્ન થાય છે અને એ માટે પોતાને નિમિત્ત બનાવવા ઈશ્વરનો આભાર માને છે.



# શોખ જગત

સૌજન્ય : **અરુણ ગાંધી**
ફોન : ૨૬૧૦૮૩૦૪ (૩.૩૦થી ૫.૦૦)

## સિક્કા અને ટિકિટ સંગ્રહનાં પ્રદર્શન

**જ**ણાવતા ઘણો જ આનંદ થાય છે કે 'શોખ જગત' કટાર વાંચી અનેક નવા સિક્કા સંગ્રાહક અને બૅન્કનોટ સંગ્રાહકો (પેદા) ઊભા થયા છે. આ સૌને સંગ્રહ કરવાની રીત બતાવી આલબમ બનાવવાનું શીખવીએ છીએ, પણ સંગ્રહ માટેના જરૂરી આલબમો સહેલાઈથી મળતા નથી. આ માટે સંગ્રાહકે શહેરમાં તેનું પ્રદર્શન યોજાય તેની રાહ જોવી પડે છે. આવાં પ્રદર્શનો વર્ષમાં બેથી ત્રણ જ વાર ભરાતાં હોય છે અને આવાં પ્રદર્શનમાં જુદી જુદી જાતના આલબમો ઉપલબ્ધ હોવાથી વેરાયટી પણ જોવા મળે છે.

તા. ૩૦/૩૧ ઑગસ્ટ અને ૧લી સપ્ટેમ્બર ૨૦૧૩ના રોજ મુંબઈના 'વર્લ્ડ ટ્રેડ સેન્ટર' ખાતે સિક્કાનું પ્રદર્શન યોજાવાનું છે તો તમારી જરૂરિયાતનું લિસ્ટ તૈયાર રાખી પ્રદર્શનમાંથી જોઈતી વસ્તુઓ મેળવી સંગ્રહ આગળ વધારજો.

બીજું, ટિકિટ સંગ્રાહકો માટે પણ સારા સમાચાર છે. મુંબઈના સુંદરાબાઈ હૉલ ખાતે ૮-૯-૧૦ નવેમ્બર ૨૦૧૩ના રોજ પ્રદર્શન યોજાવાનું છે તો તે માટે પણ લિસ્ટ બનાવી જોઈતી વસ્તુ મેળવી સંગ્રહ વધારજો.

જૂના સિક્કા/ નોટ/ ટિકિટ સંગ્રાહકોને પણ પોતાને જોઈતી/ ખૂટતી વસ્તુ મેળવવા માટે આવાં પ્રદર્શનો ઘણાં જ મદદરૂપ થાય છે.


### જન્મભૂમિ પ્રવાસી જ્ઞાન વિજ્ઞાન પ્રશ્નોત્તરી : ૧૯ના ઉત્તરો

૧. ભારતની વસ્તી પૃથ્વીના છઠ્ઠા ભાગની વસ્તી જેટલી છે.
૨. પૃથ્વી બ્લુ પ્લેનેટ તરીકે પણ ઓળખાય છે.
૩. સરોજિની નાયડુ ભારતનાં પ્રથમ મહિલા ગવર્નર હતાં.
૪. ૧૦,૫૦૦ ખેલાડીઓએ ૨૦૧૨ની લંડનમાં રમાયેલી ૩૦મી ઑલિમ્પિક્સ રમતોમાં ભાગ લીધો હતો.
૫. ગેટ વે ઑફ ઇન્ડિયા બંધાયું તે પહેલાંના પાલવા બંદરનો ફોટો છે.
૬. બાણગંગા તળાવ (વાલકેશ્વર ખાતે)નો ફોટો છે.
૭. રોમમાં કોલોઝિયમ (ઇટાલી)નો ફોટો છે.
૮. $N_2O$ વાયુ બાફિંગ ગૅસ તરીકે જાણીતો છે.
૯. બંગાલૂરુનું ઍરપોર્ટ HAL તરીકે જાણીતું છે.
૧૦. યુરેનસને ગુજરાતીમાં પ્રજાપતિ કહે છે.

### જ્ઞાન વિજ્ઞાન પ્રશ્નોત્તરી : ૨૦ના પ્રશ્નો

૧. પૃથ્વીના ગુરુત્વાકર્ષણને પાર કરવા કલાકની ઓછામાં ઓછી કેટલા કિલોમીટરની ઝડપ અનિવાર્ય છે ?
૨. અંગ્રેજી શબ્દ જણાવો (a) કાન ખજૂરો (b) કારેલાં (c) શેતુર.
૩.૪. હાલમાં સ્વિટ્ઝરલૅન્ડની સંસ્થા 'ન્યૂ સેવન વન્ડર્સ ફાઉન્ડેશન' દ્વારા નક્કી કરાયેલી સાત અજાયબીઓ જણાવો.
૫, ૬, ૭. ફોટા ઓળખો.







૮. 'ઇતના તૂ કરના સ્વામી, જબ પ્રાણ તનસે નિકલે... ગોવિંદ નામ લેકર, ફિર પ્રાણ તનસે નિકલે' આ પ્રાર્થના કોણે લખી છે ?
૯. ભારતનું રાષ્ટ્રીય ફળ કયું ?
૧૦. ભારતની છેલ્લી મિનિયેચર સીટ કઈ બહાર પડી છે જે સૌને મળી ગઈ છે ?

ભાગ લેનારનું નામ : ____________________

સરનામું : ____________________

____________________

____________________

ફોન નંબર : ____________________

# સૌથી પ્રાચીન શિવલિંગ ગુડીમલમમાં અને સૌથી કદાવર નંદીજી લેપાક્ષીમાં

**ભગવાન શિવનું મંદિર હોય ત્યાં ભગવાનનો પોઠિયો એટલે વિશ્વાસુ દ્વારપાળ નંદીજી જરૂર હોય છે. નંદીજી વિશે અનેક દંતકથાઓ પ્રસિદ્ધ છે. સુપ્રીમ કોર્ટના ઍડ્વોકેટ વી. બી. ગણાત્રાએ શ્રાવણ મહિનાના પવિત્ર મહિનામાં શિવભગવાન, નંદીજી અને શિવપ્રથા વિશે રસપ્રદ વિગતો અમેરિકાથી મોકલાવી છે, જે અહીં પ્રગટ કરવામાં આવી છે.**

**શિ**વના ચુસ્ત અનુયાયી અને કુશાણના રાજા વિમા કદફીસેસ ભારતમાં વિશાળ સામ્રાજ્ય ધરાવતો હતો. તેનું મૂળ પશ્ચિમ ચીનના 'યુ-ચી' નામના આદિવાસીમાં હોવાનું મનાય છે. તેણે ઈસવીસન ૧૦૫-૧૨૦ કે ઈસવીસન પછી ૯૫થી ૧૧૫ સુધી રાજ કર્યું હોવાનું મનાય છે. અગાઉ



ભારતમાં તાંબાના સિક્કાનું ચલણ હતું, પરંતુ આ રાજાએ ભારતમાં સોનાના સિક્કા દાખલ કર્યા હતા. તેણે પોતાના સામ્રાજ્ય દરમિયાન સોનાના સિક્કાને વિનિમયનું સાધન એટલે કે ચલણ બનાવ્યા હતા. તે સુવર્ણ મુદ્રાની પાછળ જટાધારી અને ત્રિશૂળધારી શંકર ભગવાન એટલે કે ઓએશો (બેક્ટ્રીયન ભાષામાં) તથા નંદીજીની છાપ છે. શંકર ભગવાન અને નંદીજીને ઊભેલા દર્શાવવામાં આવ્યા છે. આ સિક્કામાં કુશાણની રાજમુદ્રા છે. સુવર્ણ મુદ્રાનો વ્યાસ બે સેન્ટિમીટરનો છે. આ સોનાની શુદ્ધતા રોમન સુવર્ણ મુદ્રા જેવી છે. સુવર્ણ મુદ્રાની આગળના ભાગમાં રાજાનું પોતાનું ચિત્ર છે. સુવર્ણ મુદ્રાની ગોળાકાર બોર્ડરમાં બેક્ટ્રીયન ભાષામાં રાજાધિરાજ મહારાજાધિરાજ લખ્યું છે. કુશાણ સામ્રાજ્યમાં સોનાનું ચલણ ઈસવીસન પછી ૬૦થી-૨૪૧ એટલે કે ૧૮૧ વર્ષો દરમિયાન રહ્યું.


ઈસવીસન પછી ૬૦થી નીકળેલા સોનાના સિક્કામાં નંદીનું સૌથી પહેલું પ્રમાણ મળ્યું. વિમા કદફીસેસ-બેએ જૂની પરંપરાનું અનુસરણ કર્યું. તેનો પુત્ર કનિષ્ક હિન્દુ તેમ જ બોદ્ધ ધર્મનો પ્રસારક હતો. તેણે તામ્રપત્રનો નવો ચીલો પાડ્યો હતો. તેણે ઈસવીસન પછી ૭૮-૧૦૧ સુધી શાસન કર્યું હતું. તેની સુવર્ણ મુદ્રામાં ઓએશો અને બોડો (ગ્રિક : બુદ્ધ) અને બીજાં દેવ-દેવીનાં ચિત્રો હતાં. પછીથી કુશાણના બે રાજાઓએ હિન્દુ ધર્મ અંગીકાર કર્યો હતો અને વાસુદેવ-એક અને વાસુદેવ-બેનાં નામ સ્વીકાર્યાં હતાં. આ બન્ને રાજાઓએ બીજી દેવીઓ સાથે કાર્તિકેયનું ચિત્ર સુવર્ણમુદ્રામાં અંકિત કરવાનું શરૂ કર્યું હતું. કુશાણ રાજાઓ બહાદુર યોદ્ધાઓ હોવાની સાથે કુશળ વહીવટીકર્તાઓ પણ હતા. આ રાજાઓએ સેન્ટ્રલ એશિયનની ભટકતી પ્રજાથી સિલ્ક રૂટનું રક્ષણ કરવાનું કામ સારી રીતે પાર પાડ્યું હતું. પછીથી મધ્ય એશિયાના હુનાઓએ ઈસવીસન ૪૫૫થી ગુપ્ત સામ્રાજ્ય (ઈસવીસન ૩૨૦થી ૫૫૦ સુધી) પર હુમલો કરતાં આ સામ્રાજ્ય એટલું નબળું થયું કે એનું પતન થયું.



આંધ્ર પ્રદેશના ચિત્તુર જિલ્લાના (રેણીગુટા જંક્શનથી ૧૩ કિલોમીટર દૂર) ગુડીમલમ ગામમાં સૌથી પ્રાચીન શિવલિંગ આવ્યું છે. શિવલિંગની સ્થાપના એક વૃક્ષ હેઠળ કરવામાં આવી છે. શિવલિંગ પાંચ ફૂટ ઊંચું છે. આમાંથી ત્રણ ફૂટના શિવનું કોતરકામ કરવામાં આવ્યું છે. ભગવાનને પથ્થરના પ્લૅટફૉર્મમાં સ્થાપિત કરવામાં આવ્યા છે. ભગવાનનું અહીં મનુષ્ય જેવું રૂપ જોવા મળે છે. ભગવાનને બે હાથ અને બે પગ છે. ભગવાનના ડાબા હાથમાં રામ (ઘેટા કે બકરો) અને જમણા હાથમાં કમંડલ છે. ભગવાનના ખભામાં ખડગ છે. આ શિવલિંગ ખુલ્લામાં હોવાથી અહીં નંદીજી નથી. વિશ્વમાં આ પ્રકારનું આ પ્રથમ શિવલિંગ છે. પ્રાગૈતિહાસિક સમયથી શિવ દ્રવિડોના ભગવાન રહ્યા છે અને ઉત્તર ભારતમાં રહેતા આર્યોએ પાછળથી તેમને સ્વીકાર્યા. પુરાણોની રચના ગુપ્તાના શાસન દરમિયાન થઈ હોવાનું મનાય છે.

શંકર અને પાર્વતી બન્નેનું અતિશય પ્રાચીન મંદિર નાચના કુઠાર (હાલમાં મધ્યપ્રદેશના સતના જિલ્લામાં)માં આવેલું છે. તે ઈસવીસન ૫૨૫નું હોવાનું મનાય છે. આ મંદિર ગુપ્તાના શાસનકાળમાં બાંધવામાં આવ્યું હોવાનું મનાય છે. આ મંદિર ઊંચા પ્લૅટફૉર્મ પર બાંધવામાં આવ્યું છે. શરૂઆતમાં આમાં બે છાપરાં હોવા જોઈએ, પરંતુ હવે ઉપરનું છત્ર દેખાતું નથી અને એના ઉપર નંદીજી બિરાજમાન થતા હશે એવું મનાય છે.

કેદારનાથ મંદિરને જૂનમાં આવેલા પૂરને લીધે બહારથી ઘણું નુકસાન થયું છે, પરંતુ ભગવાનની સામે બહાર ઊભેલા નંદીજી અકબંધ છે. આ મંદિર આદિ શંકરાચાર્ય ( ઈસવીસન ૭૮૦-૮૧૨, વય ૩૨)એ બંધાવ્યું છે.



આંધ્ર પ્રદેશના અનંતપુર જિલ્લાના લેપાક્ષીમાં 'વીરભદ્ર' શિવંમંદિર આવેલું છે. અહીંના નંદી સૌથી કદાવર છે. તેમની લંબાઈ ૨૭ ફૂટ અને ઊંચાઈ ૧૫ ફૂટ છે. એક જ ગ્રેનાઈટ સ્ટોનમાંથી તેમને કોતરવામાં આવ્યા છે. આ નંદી હજી અકબંધ રહ્યા છે. આ મંદિરની રચના ઈસવીસન પછી ૧૫૩૦માં કરવામાં આવી હોવાનું મનાય છે. ત્યારે અહીં વિજયનગર સામ્રાજ્ય હતું. ઊંચા માંચડા પર શિવલિંગ છે અને તેનું રક્ષણ તોતિંગ પથ્થરમાં કોતરેલા શેષનાગ કરે છે. નંદી શંકર ભગવાનની બરાબર સામે છે. છત પર કોતરકામ અને ભીંતચિત્ર છે.

જન્મભૂમિ

સોમવારે વાંચો 'કેરિયર ગાઈન્ડસ'

## બૅન્ક ઑફિસર, ક્લાર્ક બનવું છે ?

**બૅ**ન્ક-ઑફિસર બનવું એક મહત્ત્વની વાત છે. આ માટે યોગ્ય લાયકાત પણ આવશ્યક જ છે. દેશભરમાં દર વર્ષે એક લાખથી વધુની બૅન્કોમાં વિવિધ હોદ્દા પર ભરતી કરવામાં આવે છે. દેશની ૧૯ રાષ્ટ્રીયકૃત બૅન્કોમાં ૪૦ હજારથી પણ વધુ ક્લાર્કની ભરતી માટે ઇન્સ્ટિટ્યૂટ ઑફ બૅન્કિંગ પર્સનલ સિલેક્શન બોર્ડ દ્વારા સ્પર્ધા પરીક્ષાનું આયોજન થાય છે. આ અંગે વધુ માહિતી-માર્ગદર્શન જોઈએ છે ? વાંચો સોમવારે 'કેરિયર ગાઈડન્સ.'

**આ ઉપરાંત**

- એસએસસી પાસ અને આઈટીઆઈ કરનારાની ભાભા એટોમિક રિસર્ચ સેન્ટરમાં થશે ભરતી.
- ડિપ્લોમાધારકોની એનટીપીસી મુંબઈમાં ભરતી કરાશે.

## ૨૫-૮-૨૦૧૩નાં સ્વાદસમ્રાજ્ઞી

### ફરાળી વાનગી

## ફરાળી મૂઠિયાં



યાસ્મિના પલણ
(મુલુંડ)

**સામગ્રી :** ૧૦૦ ગ્રામ ઝીણી સુધારેલી કોથમીર, ૧૦૦ ગ્રામ રાજગરાનો લોટ, ૧૦૦ ગ્રામ સામાનો લોટ, ૫૦ ગ્રામ શેકેલા શીંગદાણા કરકરા કરેલા, સ્વાદ અનુસાર નમક, આદું-મરચાંની પેસ્ટ, પાંચ ગ્રામ ખાવાનો સોડા, ૧૫ ગ્રામ તેલ, લીંબુ, નાળિયેરનું ખમણ.

**રીત :** ઉપરની બધી સામગ્રી મિક્સ કરી ખાવાના સોડા પર લીંબુ નાખીને તેલનું મોણ નાખવાનું અને પાણીથી રોટલી જેવો લોટ બનાવવો. ચારણીમાં મૂઠિયાં વાળીને બાફવા મૂકવાં. બફાઈ જાય એટલે એને ઠંડાં કરવાં અને મૂઠિયાંના બબ્બે ટુકડા કરીને તેલમાં ફક્ત જીરું નાખી વઘારવા. બરાબર થઈ જાય એટલે એક પ્લેટમાં નાખી ઉપર કોથમીર અને નારિયેળનું ખમણ ભભરાવવાં.

**યાસ્મિનાબહેનને મળશે મિલન મસાલાનું ગિફ્ટ હેમ્પર**

**વિજેતા માટે સૂચના : સ્વાદસમ્રાજ્ઞી સ્પર્ધામાં અત્યાર સુધીમાં જાહેર થયેલાં વિજેતાઓએ પોતાનાં ઈનામ જન્મભૂમિ ભવનમાંથી સોમથી શુક્રવાર દરમિયાન ૨થી ૪ વચ્ચે આવીને લઈ જવા વિનંતી. સાથે પોતાની વાનગી પ્રગટ થઈ હોય તેનું કટિંગ તથા ઓળખપત્ર લાવવું જરૂરી છે. ગિફ્ટ હેમ્પર દશ દિવસમાં લઈ જવું.**

**સ્પર્ધા માટે જુઓ પાનું - ૭**


મિલન ®
બિરીયાની મસાલો
मिश्रण प्यार का ®
TEL.: 23774209, 23757674. FAX: 23790883

જન્મભૂમિ

## પર્સનલ ફાઈનાન્સમાં વાંચો

સોમવારે પાનું-૨

### મ્યુચ્યુઅલ ફંડના ડાયરેક્ટ પ્લાનમાં રોકાણ માટે વિવિધ વિકલ્પ ઉપલબ્ધ



મ્યુચ્યુઅલ ફંડના ડાયરેક્ટ પ્લાનમાં રોકાણ કરવાની રીત વિશે રોકાણકારોના મનમાં પ્રશ્ન ઉદ્ભવે છે. આ પ્લાનમાં રોકાણ માટે વિવિધ વિકલ્પ ઉપલબ્ધ છે તે વિશે સલાહ આપે છે **અર્ણવ પંડ્યા.**

### અનિશ્ચિત સમયમાં સલામતી માટે પદ્ધતિસર અને વહેલું આયોજન કરો



આપણા ભવિષ્યમાં પહેલાં કરતાં નાણાકીય અનિશ્ચિતતા વધી છે. આ સમયમાં સલામતી શોધવાના શ્રેષ્ઠ માર્ગ પૈકી એક છે પદ્ધતિસરનું અને વહેલું આયોજન. આ બાબતમાં માર્ગદર્શન આપે છે. **યતીશ શ્રીવાસ્તવ.**

આ ઉપરાંત ખાનગી ક્ષેત્રની બૅન્કોના એફડી દર, કયા શૅરમાં રોકાણ જાળવી રખાય અને શેમાં નફો બુક કરાય તેની વિગતો તો ખરી જ.

## જ્ઞાન વિજ્ઞાન પ્રશ્નોત્તરી

ઘણા વાચકમિત્રો પ્રશ્નોત્તરી ૧૫ના પરિણામ માટે પૂછતા હતા જે નીચે પ્રમાણે છે :

પ્રશ્નોતરી ૧૫ પરિણામ :
પહેલું ઈનામ : સુશીલા શાહ (કાલબાદેવી)
બીજું ઈનામ : ગોપા ખાંડવાલા (સાંતાક્રુઝ)
ત્રીજું ઈનામ : સાહિલ દેસાઈ

બીજા ભાગ લેનારાં : માવજી નાગર, જ્યોતિ ઓઝા, હેતલ અને રમેશ રેશમવાલા, હંસા વીસરિયા, નિર્મલા શાહ, શિવાની બાવીસી, નરેન્દ્ર શેઠ, ભાવના ભક્તા, હર્ષદ દલાલ, જયસિંહ સંપટ, દેવીકા કજરિયા, જતીન રામૈયા, સમીપ શેઠ, અરવિંદ શાહ, સનીલ દેસાઈ, સુભાગ્ય પારેખ, ઈલા શાહ, નૂતન પરીખ, વીપીન દોશી.

પ્રશ્નોતરી ૧૭ પરિણામ :
પહેલું ઈનામ : રચના દત્ત (કાંદિવલી)
બીજું ઈનામ : હર્ષદ દલાલ (પાર્લા વેસ્ટ)
ત્રીજું ઈનામ : મુકેશ અજમેરા (તાડદેવ)

બીજા ભાગ લેનારાં : સુમિક શેઠ, આદિત્ય અને શિવાની બાવીસી, હંસા વીસરિયા, જય જોબલિયા, હેતલ અને રમેશ રેશમવાલા, શરદ દોશી, હર્ષા આસર, વિધિ શેઠ, અરવિંદ શાહ, સુભાગ્ય પારેખ, સુશીલા શાહ, ચંદ્રકાંત પારેખ.

પ્રશ્નોતરી ૧૮ પરિણામ :
પહેલું ઈનામ : જયની કાપડિયા (કાલબાદેવી)
બીજું ઈનામ : શાંતિ ભાટિયા (સાંતાક્રુઝ)
ત્રીજું ઈનામ : તરુલતા સંપટ

બીજા ભાગ લેનારાં : સુશીલા શાહ, નિર્મલા શાહ, ભારતી વેદ, હર્ષદ દલાલ, સુભાગ્ય પારેખ, હિતેષ રામૈયા, અરવિંદ શાહ, ચંદ્રકાંત પારેખ, પાર્થ પંડ્યા, કમલ શેઠ, હેતલ અને રમેશ રેશમવાલા, હંસા વીસરિયા, જ્યોતિ ઓઝા.

પ્રશ્નોતરી ૧૭ અને ૧૮ના વિજેતાઓને ઈનામ આગામી સપ્ટેમ્બરની જન્મભૂમિ હોબી કલબની મિટિંગ જે આ વખતે ત્રીજા મંગળવારે ૧૭મી સપ્ટેમ્બરના રોજ મળશે ત્યારે આપવામાં આવશે.

ઈનામો શ્રી પ્રવીણચંદ્ર રણછોડદાસ પારેખ તરફથી આપવામાં આવશે.

### આ વખતે

**'શોખ જગત' 'જન્મભૂમિ હોબી ક્લબ'ની મિટિંગ ત્રીજા મંગળવારે તા. ૧૭મી સપ્ટેમ્બર, ૨૦૧૩ના રોજ બપોરે ૧થી ૨ દરમિયાન મળશે. સૌને આવવા નિમંત્રણ છે.**